Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી ગુજરાત

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 30 | 10 January 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

# વડતાલધામ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર ખાતે પ્રથમ વિન્ટર શિબિરનું સફળ આયોજન











વડતાલધામ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર, યુનિટ નં. 3, 2400 ફિન્ચ એવેન્યુ વેસ્ટ, નોર્થ યોર્ક, ઓન્ટારિયો (M9M 2C8) ખાતે *તા. 03 જાન્યુઆરી 2026ના રોજ મંદિરના ઈતિહાસમાં પ્રથમ વખત **વિન્ટર શિબિર*નું ભવ્ય અને આનંદમય આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં *35થી વધુ બાળકો* ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકો માટે વિવિધ *રમતગમત, મનોરંજક પ્રવૃત્તિઓ તેમજ વિશેષ આકર્ષણરૂપે **Bouncy Castle*ની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેના કારણે સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહભર્યો માહોલ રહ્યો હતો.

શિબિર દરમિયાન ઉપસ્થિત બાળકો અને પરિવારજનો માટે સ્વાદિષ્ટ ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં *પિઝા, પાસ્તા તથા બરિટો બાઉલ* જેવી લોકપ્રિય વાનગીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, બાળકોના ઉત્સાહને વધારવા માટે અંતે *ભેટ વિતરણ (ગિફ્ટ ડિસ્ટ્રિબ્યુશન)* કાર્યક્રમ પણ યોજાયો હતો, જે સૌ માટે વિશેષ આનંદનું કેન્દ્ર બન્યો હતો.

આ સાથે સનાતન ધર્મ ઉપર ક્વિઝ સ્પર્ધા રાખવામાં આવી હતી.

આ પ્રથમ વિન્ટર શિબિર દ્વારા બાળકોમાં સંસ્કાર, સંઘભાવના અને આનંદસભર વાતાવરણ વિકસાવવાનો ઉદ્દેશ સફળતાપૂર્વક સાકાર થયો. વડતાલધામ શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર દ્વારા ભવિષ્યમાં પણ આવા ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

**વધુ માહિતી માટે સંપર્ક:***
**ધવલ સોની**
**647 236 4148**
**અજેન્દ્ર પટેલ**
**647 997 7486**
**જય શ્રી સ્વામિનારાયણ**

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**3 જાન્યુઆરીથી આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ – અ, લ, ઈ** સપ્તાહની શરૂઆત ઉતાર-ચઢાવવાળી રહે. ઉતાવળમાં કોઈ મોટો નિર્ણય ન લેવો. અઠવાડિયાના મધ્યમાં સરકારી કાર્યોમાં સફળતા મળશે અને સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે.

**વૃષભ રાશિ – બ, વ, ઉ** માનસિક તણાવ અને સ્વાસ્થ્યમાં ઉતાર-ચઢાવ આવી શકે છે, ખાસ કરીને અષ્ટમ ભાવમાં ગ્રહોની સ્થિતિને કારણે. જોકે, વ્યવસાયિક ભાગીદારીમાં લાભ થશે.

**મિથુન રાશિ – ક, છ, ઘ** કાર્યસ્થળ પર રાજનીતિથી દૂર રહેવું. તમારી મહેનતનું ધાર્યું ફળ મળવામાં થોડો વિલંબ થઈ શકે છે. જીવનસાથી સાથેના સંબંધો મજબૂત બનશે. અટકેલા નાણાં પરત આવવાની શક્યતા છે.

**કર્ક રાશિ – ડ, હ** ભાગ્યનો ભરપૂર સાથ મળશે. નોકરીમાં બઢતી કે નવી તકો મળી શકે છે. પરિવાર સાથે ધાર્મિક યાત્રાનું આયોજન થઈ શકે છે. ખર્ચ પર થોડો અંકુશ રાખવો જરૂરી છે.

**સિંહ રાશિ – મ, ટ** વાણી પર પ્રભાવ જળવાઈ રહેશે, જે તમારા અટકેલા કામો પૂરા કરવામાં મદદ કરશે. નવી મિલકત કે વાહન ખરીદવાના યોગ બની રહ્યા છે. પ્રેમ જીવનમાં મધુરતા આવશે.

**કન્યા રાશિ – પ, ઠ, ણ** આત્મવિશ્વાસમાં વધારો થશે. તમારા વ્યવહારુ અભિગમથી લોકો પ્રભાવિત થશે. વેપારમાં નવી ઓળખાણ ભવિષ્યમાં મોટો ફાયદો કરાવી શકે છે. સ્વાસ્થ્ય બાબતે સાવચેત રહેવું.

**તુલા રાશિ – ર, ત** વાતચીત દરમિયાન મજાક કરવાનું ટાળવું, નહીંતર ગેરસમજ થઈ શકે છે. નવા આયોજનો સફળ થશે. શારીરિક થાક અનુભવાય, તેથી આરામ માટે સમય ફાળવવો.

**વૃશ્ચિક રાશિ – ન, ય** ધીરજ રાખવાની ખૂબ જરૂર છે. કોઈની સાથે મતભેદ ન થાય તેનું ધ્યાન રાખવું. અઠવાડિયાના અંતમાં નાણાકીય સ્થિતિમાં સુધારો જોવા મળશે. ઉતાવળમાં મુસાફરી કરવાનું ટાળવું.

**ધન રાશિ – ભ, ધ, ફ, ઢ** સપ્તાહની શરૂઆતમાં કામનું દબાણ વધુ રહેશે, પરંતુ ૧૭ જાન્યુઆરી પછી ધન લાભના મજબૂત યોગ છે. અટકેલો પગાર કે બાકી નાણાં મળી શકે છે.

**મકર રાશિ – ખ, જ** ગુસ્સા પર કાબૂ રાખવો જરૂરી છે. શિસ્તબદ્ધ રીતે કરેલા કામોમાં સફળતા મળશે. નોકરી કરતા જાતકોને ઉપરી અધિકારીઓ તરફથી પ્રશંસા મળશે.

**કુંભ રાશિ – ગ, સ, શ, ષ** સાડા સાતીની અસરને કારણે માનસિક દબાણ રહી શકે છે. રાહુ-શનિની પૂજા કરવાથી રાહત મળશે. કાર્યસ્થળ પર વિવાદોથી દૂર રહેવું અને ધૈર્યથી કામ લેવું.

**મીન રાશિ – દ, ચ, ઝ, થ** આ સપ્તાહ તમારા માટે ખૂબ જ લાભદાયી છે. ૧૨ જાન્યુઆરી પછી માન-સન્માન અને પ્રતિષ્ઠામાં વધારો થશે. નવા રોકાણ માટે ઉત્તમ સમય છે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**

# "છ મહિનાની સિદ્ધિ બાદ 2026 માટે નવા સંકલ્પો સાથે 'ગરવી ગુજરાત"



પ્રિય વાચક મિત્રો,

ગુજરાતી સંસ્કૃતિના આનંદના પર્વ મકરસંક્રાંતિ - ઉતરાયણ આપણા જીવનમાં માત્ર એક તહેવાર નથી, પરંતુ ઉત્સાહ, ઉમંગ, એકતા અને આશાના રંગોથી ભરેલું સંદેશ છે. શિયાળાની ઠંડી વચ્ચે સૂર્ય ઉત્તર દિશામાં પ્રવેશ કરે છે અને પ્રકૃતિ સાથે માનવજીવનમાં પણ નવી ઊર્જા, નવી દિશા અને નવી આશાઓનો સંચાર કરે છે.

ઉતરાયણ એટલે આકાશને સ્પર્શતી પતંગો નહીં, પરંતુ જીવનમાં ઊંચાઈઓ સર કરવાની પ્રેરણા. જેમ પતંગ હવામાં સ્થિર રહેવા માટે સંતુલન માંગે છે, તેમ જીવનમાં સફળતા મેળવવા માટે સમજદારી, સંયમ અને સકારાત્મક વિચારો જરૂરી છે. ક્યારેક તાંતણું ઢીલું પડે, ક્યારેક કડક કરવું પડે—જીવન પણ એવું જ છે. સમય પ્રમાણે પોતાની દિશા બદલવી જ સાચી સમજદારી છે.



આ પર્વ આપણને શીખવે છે કે જીત માત્ર એકલાની નથી હોતી. છત પર ઉભેલા મિત્રો, પરિવારના સભ્યો, પડોશીઓ—all together—આનંદની એવી ક્ષણો રચે છે જે જીવનભર સ્મૃતિ બની રહે છે. તલ-ગોળની મીઠાશ જેમ સંબંધોમાં મીઠાસ ભરે છે, તેમ પરસ્પર પ્રેમ, સહકાર અને સંસ્કાર આપણા સમાજને મજબૂત બનાવે છે. આ ઉતરાયણ નિમિત્તે પ્રાર્થના છે કે આપ સૌનો જીવનરૂપી પતંગ વિશ્વાસના આકાશમાં, પરિશ્રમના પવન સાથે અને આશાના સૂર્ય તરફ સતત ઊંચે ઉડે.

દુઃખ, નિરાશા અને નકારાત્મકતા જેવા કટકા આપથી દૂર રહે અને સુખ, સ્વાસ્થ્ય, સમૃદ્ધિ તથા શાંતિ આપના જીવનમાં સદાય સાથ આપે. ગરવી ગુજરાતી સંસ્કૃતિને જીવંત રાખતા, પરંપરાઓને સંભાળતા અને નવી પેઢીને સંસ્કાર આપતા—આ પવિત્ર પર્વ પર આપ સૌને હૃદયપૂર્વક મકરસંક્રાંતિ અને ઉતરાયણની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ડીજીટલ ન્યુઝ પેપર, કેનેડા) 4379670062
garvigujarat2025@gmail.com

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**




**સંકલન શ્રી એસ કે પટેલ કેનેડા રિટાયર્ડ પ્રિન્સિપાલ**

**There are three faithful friends**
**An old wife, An old dog, and ready money**
**- - franklin. Sankalan**
**Dr Prakashbhai Thakkar Kalol Gujrat (Sankalan)**

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.


Happy Makar Sankrati
I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
HAPPY Makar Sankranti
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME REALTY BROKERAGE



AJ ABHAY JOSHI Mortgage
Abhay Joshi
(Mortgage Agent Level 2)
AFFINITY MORTGAGE SOLUTIONS INC
INDEPENDENTLY OWNED AND OPERATED
FSRA LIC # 13093
MORTAGE
EXPERT
HAPPY Makar Sankranti
Happy Makar Sankrati
CONTACT US
UNLOCK YOUR DREAM HOME WITH
EXPERT MORTGAGE GUIDANCE
Residential mortgage
Commercial mortgage
Refinancing, Home equity loans
Business Line of Credits
Business Loans (CSBFL)
And many more
Call today to schedule
a consultation
CELL : (647) 409-5848
Lic #M22003707


THE CANADIAN HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
Happy Makar Sankranti
Happy Makar Sankrati
Turning Realty Dreams to Reality
Vatsal Makes it Happen!
GTA, Hamilton & Beyond
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST

# યોગી ડિવાઈન સોસાયટી કેનેડા દ્વારા ન્યૂ યર્સ ઈવ 2025નું સુંદર આયોજન કરાયું

દર વર્ષની જેમ યોગી ડિવાઈન સોસાયટી કેનેડા દ્વારા બુધવાર, તા. 31 ડિસેમ્બરે ન્યૂ યર્સ ઈવ 2025નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ 1400 જેટલા મહેમાનો આ ઈવેન્ટમાં જોડાયા હતા. પ્રોફેશનલ કોર્ટ, મિસિસાગા સ્થિત મંદિર-સંકુલ સાથે ખૂબ પ્રીતિથી જોડાયેલા બૃહદ ટોરોન્ટો વિસ્તારમાં વસતા આશરે 450થી વધુ હિંદુ-ગુજરાતી પરિવારો એકત્રિત થઈ આ કાર્યક્રમનો આનંદ માણવા આવ્યા હતા.



આ ઈવેન્ટ ફક્ત રજીસ્ટર્ડ મહેમાનો માટે હતી. પ્રોગ્રામની શરૂઆત સમૂહ-સંધ્યા આરતીથી થઈ, ત્યારબાદ તમામ મહેમાનો માટે સુંદર ડિનરની વ્યવસ્થા કરવામાં આવી હતી. ડિનર બાદ પ્રાસંગિક ઉદબોધનમાં યોગી ડિવાઈન સોસાયટી, કેનેડાના પ્રેસિડેન્ટ પુ. જનકભાઈ શાહે ઉપસ્થિત સૌનું હાર્દિક સ્વાગત કરી સમગ્ર હરિપ્રબોધમ્ પરિવારના વોલન્ટિયર્સને બિરદાવ્યા હતા. તેમના પ્રોત્સાહક શબ્દોએ સૌનું મનોબળ વધાર્યું હતું. ત્યારબાદ પ્રોગ્રામમાં ડાન્સ-પરફોર્મન્સ, રમૂજી શોર્ટ-સ્કીટ્સ અને સ્ટેન્ડ-અપ કોમેડીનું આયોજન હતું. આજના સમયમાં અત્યંત લોકપ્રિય બની રહેલા લાઈવ ભજન-જેમિંગ સંગીતનો પણ સૌએ હૃદયપૂર્વક આનંદ માણ્યો હતો.

હરિપ્રબોધમ્ ન્યૂ યર્સ ઈવના અંતે યોગી ડિવાઈન સોસાયટી, સમગ્ર કેનેડાના 17થી વધુ સેન્ટરોમાં થઈ રહેલી પ્રવૃત્તિઓનું દર્શન કરાવતો વર્ષ 2025નો સુંદર રિકેપ વિડિયો રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રભુધારક સંત પ્રગટ ગુરુહરિ પ. પુ. પ્રબોધસ્વામીજી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કરી ઉપસ્થિત સૌએ હકારાત્મક અભિગમ સાથે આવનાર વર્ષ સુખદ અને સહજ-આનંદદાયી બને તે માટે ધૂન-પ્રાર્થના કરી કાર્યક્રમની સમાપ્તિ કરી.

પરદેશની ભોગ-ભૂમિ પર જ્યારે 31st December સેલિબ્રેશનના નામે નિર્દોષ યુવક-યુવતીઓને ભોગવિલાસ અને ક્ષણિક આનંદ તરફ આકર્ષિત કરવામાં આવે છે, ત્યારે તેની એકદમ વિરુદ્ધ દિશામાં હરિપ્રબોધમ્ પરિવાર દ્વારા સર્જાયેલું આ સાત્વિક, સંસ્કારમય અને સુરક્ષિત વાતાવરણ નવયુવાનોને નવી દિશા—નવી ઓળખ—નવી ઊર્જા પ્રદાન કરે છે.

આ સામાન્ય દેખાતી ઈવેન્ટની અસામાન્યતા એ છે કે ગુરુહરિ પ. પુ. હરિપ્રસાદસ્વામીજીની અંતરતમ અભીપ્સાને સમજીને હિંદુ સમાજના યુવાધનની જાળવણી માટે પ્રગટ ગુરુહરિ પ. પુ. પ્રબોધસ્વામીજી મહારાજે વર્ષ 2009થી શરૂ કરેલા સતત વિચરણ, તપશ્ચર્યા અને અવિરત પ્રયત્નોના ફળરૂપે આજે સમગ્ર કેનેડામાં 750થી વધુ પરિવારોના સુરક્ષિત સંસારો અને તેમના ધાર્મિક-સંસ્કારોનું દર્શન કરાવતી આ ઈવેન્ટ સાકાર બની છે.

આવા આર્ષદૃષ્ટા પુરુષોના ચરણોમાં નત-મસ્તક થઈ લાખો વંદન કરીએ તો પણ એમના ઋણને ક્યારેય ચૂકવી શકાય એમ નથી.



# Happy Makar Sankrati

## 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



**RAJENDRA PARMAR**
**FINANCIAL ASSOCIATE**

### Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

**FREE INSURANCE QUOTE**

** અમે ગુજરાતી બોલીએ છીએ **

**RAJENDRA PARMAR** ➡

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ કાયમી નિવાસસ્થાનમાં તેમની તકો કેવી રીતે વધારી શકે છે



સંકલનઃ શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ, એ એન બી ઈમિગ્રેશન

કેટલાક વધારાના પૂર્વવિચાર સાથે, કેનેડામાં સ્થળાંતર કરવા માંગતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ દરમિયાન સફળતાની શક્યતાઓને મોટા પ્રમાણમાં વધારવા માટે વહેલા પગલાં લઈ શકે છે.

સમજણપૂર્વક, અભ્યાસ-થી-ઈમિગ્રેશન ટ્રેક પર ઘણા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પછીની તારીખે કાયમી નિવાસ (PR) માટે અરજી કરવાની નાની-નાની બાબતો શોધવાનું આયોજન કરી શકે છે.

પરંતુ PR માર્ગો માટે પાત્રતા અંગે વહેલા વિચાર કર્યા વિના, વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ દરમિયાન જે ખોવાયેલી કાર્યવાહી કરવા માટે શ્રેષ્ઠ સ્થાને છે તેનો અફસોસ કરી શકે છે.

એનરોલ ઈન કો-ઓપ પ્રોગ્રામ

ઘણા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સ્નાતકો માટે, કેનેડિયન નોકરી બજારમાં તેમનો પ્રથમ પ્રવેશ એક મોટો પડકાર ઉભો કરે છે.

કો-ઓપ પ્રોગ્રામમાં નોંધણી કરવાથી તમે સ્નાતક થયા પછી કેનેડિયન નોકરી બજારમાં વધુ ઝડપથી અને સરળતાથી પ્રવેશ કરી શકો છો. ઘણા કિસ્સાઓમાં, જો તમે તમારા સહકારી પ્લેસમેન્ટ દરમિયાન સારું પ્રદર્શન કરો છો, તો એમ્પ્લોયર તમને સ્નાતક થતાંની સાથે જ નોકરી ઓફર કરી શકે છે.

નોકરી બજારમાં ઝડપી પ્રવેશનો અર્થ એ છે કે તમે કેનેડિયન એક્સપિરિયન્સ ક્લાસ (CEC) PR માટે વહેલા લાયક બનશો, અને તમે વધુ સ્પર્ધાત્મક ઉમેદવાર પણ બનશો - કારણ કે કેનેડિયન વર્ક અનુભવના દર વર્ષે (પાંચ સુધી) તમને કેનેડાની કોમ્પ્રીહેન્સિવ રેન્કિંગ સિસ્ટમ (CRS) હેઠળ વધારાના પોઈન્ટ્સ મેળવે છે.

વિદેશી કાર્ય અનુભવ મેળવો

CRS હેઠળ વિદેશી કાર્ય અનુભવ 50 પોઈન્ટ્સ સુધીનો હોઈ શકે છે, જે ઘણા ઉમેદવારો માટે, ITA મેળવવાની તેમની તક બનાવી શકે છે અથવા તોડી શકે છે.

કેનેડિયન કાર્ય અનુભવથી વિપરીત, તમે પૂર્ણ-સમયના વિદ્યાર્થી તરીકે નોંધણી કરતી વખતે વિદેશી કાર્ય અનુભવ મેળવી શકો છો.

તેથી, જો તમે વિદેશમાં કુશળ કાર્ય અનુભવ મેળવ્યા વિના કેનેડા ગયા છો, તો તમારા અભ્યાસ દરમિયાન વિદેશી કાર્ય અનુભવ બનાવવા માટે સમય કાઢવાથી તમને આ વધારાના CRS પોઈન્ટ્સ મેળવવામાં મદદ મળી શકે છે.

તમે વિદેશમાં શારીરિક રીતે કામ કરીને વિદેશી કાર્ય અનુભવ મેળવી શકો છો - ઉદાહરણ તરીકે, ઉનાળાના વિરામ દરમિયાન તમારા વતન પાછા જઈને, જો તમે બે-સેમેસ્ટર અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામમાં નોંધાયેલા છો - અથવા વિદેશી નોકરીદાતા માટે કેનેડામાં દૂરસ્થ રીતે કામ કરીને.

ઈન ડિમાન્ડ જોબ ને ટાર્ગેટ કરો

જો તમને ચોક્કસ માંગમાં રહેલા વ્યવસાયોમાં કામનો અનુભવ મળે છે, તો તમે ઓછા CRS સ્કોર સાથે પણ PR મેળવવાની તક વધારી શકો છો.

એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ દ્વારા, ઉમેદવારોને ખાસ વ્યવસાયિક શ્રેણીઓ દ્વારા ITA જારી કરવામાં આવે છે. આ શ્રેણી-આધારિત પસંદગી માટે લાયક બનવા માટે, ઉમેદવારોને (મોટાભાગના કિસ્સાઓમાં) આરોગ્યસંભાળ અને સામાજિક સેવાઓ, STEM, વેપાર, કૃષિ અને કૃષિ ખોરાક અને શિક્ષણના ક્ષેત્રોમાં પસંદગીના વ્યવસાયોમાં છ મહિનાનો કાર્ય અનુભવ હોવો જરૂરી છે.

શ્રેણી-આધારિત ડ્રો-પાત્ર વ્યવસાયોની સૂચિની સમીક્ષા કરો અને તમને રુચિ હોય તેવા વ્યવસાયોને અનુસરવાનું વિચારો.

ફ્રેન્ચનો અભ્યાસ કરો

આ માર્ગ ચોક્કસપણે દરેક માટે નથી - પરંતુ ફ્રેન્ચ ભાષામાં રસ ધરાવતા લોકો માટે, મધ્યવર્તી ફ્રેન્ચ પ્રાવીણ્ય વિકસાવવી એ આર્થિક ઇમિગ્રેશન માટેના ઉમેદવાર તરીકે તમારી સ્પર્ધાત્મકતામાં એકમાત્ર સૌથી શક્તિશાળી વધારો હોઈ શકે છે.

ફ્રેન્ચ પ્રાવીણ્યનું મધ્યમ સ્તર (બધી ભાષા ક્ષમતાઓમાં NCLC 7) તમને CRS હેઠળ વધારાના 50 પોઈન્ટ આપશે, ઉપરાંત તમને ફ્રેન્ચ-ભાષા પ્રાવીણ્ય શ્રેણી-આધારિત ડ્રોમાં પણ લાયક બનાવશે, જેમાં 2025 માં તમામ પ્રકારના ડ્રોમાં સૌથી ઓછા CRS કટ-ઓફ સ્કોર જોવા મળ્યા છે.

જો તમે ત્રણ વર્ષના કે ચાર વર્ષના પ્રોગ્રામમાં નોંધાયેલા છો, તો ફ્રેન્ચમાં દૈનિક પ્રેક્ટિસ તમારી ડિગ્રી દરમિયાન ઘણી મદદ કરી શકે છે.

**ANB Immigration Services,**
Toronto - Canada
905 230 4737
info@anbimmigration.com





Happy Makar Sankrati
HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Own your Comfort Home
Happy
Makar
Sankranti
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999




# ઉતરાયણ - સ્વામિનારાયણ સંપ્રદાયમાં આનંદ, એકતા અને ભક્તિનું જોલી પર્વ

ઉતરાયણ એટલે માત્ર ઋતુ પરિવર્તન નહીં, પરંતુ જીવનમાં ઉજાસ અને નવી ઉર્જાનો સંદેશ લાવતું પર્વ. સ્વામિનારાયણ સંપ્રદાય માટે ઉતરાયણ "જોલી પર્વ" તરીકે ઉજવાય છે, કારણ કે આ પર્વમાં ભક્તિ, આનંદ, સેવાભાવ અને સંઘભાવનાનો સુમેળ જોવા મળે છે.

આ પર્વ સૂર્યના ઉત્તરાયણ થવાના સંકેત સાથે અંધકારમાંથી પ્રકાશ તરફના માર્ગનું પ્રતિક છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ સમય આત્મિક ઉન્નતિનો અવસર માનવામાં આવે છે. જેમ સૂર્ય ઉપર ચઢે છે, તેમ હરિભક્તો પણ પોતાના વિચારો, વર્તન અને જીવનશૈલીને ઊંચી દિશામાં લઈ જવાનો સંકલ્પ કરે છે.

ઉતરાયણના દિવસે મંદિરોમાં ભજન-કીર્તન, હરિ સ્મરણ અને સેવાકાર્યો દ્વારા ઉત્સવ ઉજવાય છે. રંગબેરંગી પતંગો માત્ર આકાશને શોભાવે છે એવું નહીં, પરંતુ ભક્તોના મનમાં આનંદ અને બાળપણની નિર્દોષ ખુશી ફરી જીવંત કરે છે. પરસ્પર પ્રેમ, હાસ્ય અને ઉમંગથી ભરેલી આ ઉજવણી "જોલી પર્વ"નું સાચું સ્વરૂપ દર્શાવે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉતરાયણનો અર્થ માત્ર મોજ-મસ્તી સુધી સીમિત નથી. તલ-લાડુ અને પરંપરાગત ભોજન દ્વારા સેવા અને વહેંચણીની ભાવના વિકસે છે. મોટાં-નાનાં, ધનિક-ગરીબ સૌ એકસાથે બેસી આનંદ માણે છે, જે સમતા અને સહઅસ્તિત્વનો સુંદર સંદેશ આપે છે.

આ પર્વ આપણને શીખવે છે કે સાચો આનંદ ભૌતિક આનંદમાં નહીં, પરંતુ હરિભક્તિમાં, સેવામાં અને પરસ્પર પ્રેમમાં છે. ઉતરાયણ એ યાદ અપાવે છે કે જીવનમાં ઉત્સાહ રાખીને, પ્રભુ પર વિશ્વાસ સાથે આગળ વધીએ તો દરેક દિવસ "જોલી" બની શકે છે.

અંતે કહી શકાય કે સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉતરાયણ એ ભક્તિથી ભરેલું, આનંદથી ઝળહળતું અને સંસ્કૃતિને જીવંત રાખતું પર્વ છે—જે હૃદયમાં હરિપ્રેમની પતંગ ઉડાવી જીવનને નવી ઊંચાઈ આપે છે.

જય શ્રી સ્વામિનારાયણ

Happy New Year 2026

MURTI'S KITCHEN

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

Merry Christmas

Winter Special

METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)

And Many more.

Happy Makar Sankrati

We do Catering

Swaminarayan & Farar food Available

ફ્રેશ અને ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

# પતંગનું પર્વ ઉત્તરાયણ



લપેટ ...લપેટ ...એ કાપ્યો ....લૂંટ... લૂંટ ... વગેરે ઉત્તરાયણના દિવસે આવા અવાજથી સૌ કોઈ પરિચિત છે .ભારતમાં રાષ્ટ્રીય, ધાર્મિક અને સામાજિક તહેવાર ખૂબ જ ધામધૂમથી અને આનંદથી ઉજવાય છે. તેમાં ઉત્તરાયણ એ નાના મોટા , આબાલવૃદ્ધ અને દરેક ધર્મના લોકોનો ખૂબ જ આનંદ અને ઉલ્લાસ ભરનારો પ્રિય તહેવાર છે. આ દિવસને મકરસંક્રાંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે .આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે તેથી તેને મકરસંક્રાંતિ કહે છે .ઉત્તરાયણ 14 મી જાન્યુઆરી આવે છે અને ત્યાર પછીના બીજા દિવસને વાસી ઉત્તરાયણ કહે છે .સૂર્ય પર આધાર રાખીને વર્ષના બે ભાગ પડે છે .એક ઉત્તરાયણ અને બીજો દક્ષિણાયાન . આ દિવસથી સૂર્ય ઉત્તરાયણ બને છે .આ સમયથી પૃથ્વીનું ઉત્તર ગોળાર્ધ સૂર્ય તરફ નમે છે .સૂર્ય ઉત્તરથી ઊગવાનું શરૂ કરે છે તેથી તેને ઉત્તરાયણ કહે છે .આ તહેવારને ભારતમાં જુદા જુદા પ્રદેશમાં અલગ અલગ નામથી ઓળખવામાં આવે છે .હરિયાણામાં લોહરી , આસામમાં બિહુ, દક્ષિણ ભારતમાં પોંગલ અને ઉત્તર ભારતમાં ખીચડી તરીકે પણ ઓળખાય છે. વાસ્તવમાં આ દિવસે ઉત્તર ભારતમાં ખીચડી ખાવાની અને તેનું દાન કરવાની પ્રાચીન પરંપરા છે તેથી તેને ખીચડીનો તહેવાર પણ કહે છે.

* ઉત્તરાયણનું મહત્વ -

ભગવાન શ્રીકૃષ્ણે ઉત્તરાયણનું મહત્વ સમજાવતા ગીતામાં પણ કહ્યું છે કે ઉત્તરાયણના છ મહિનાના શુભ કાળમાં જ્યારે સૂર્ય ભગવાન ઉત્તરાયણ હોય છે અને પૃથ્વી તે જ રહે છે ત્યારે આ પ્રકાશમાં શરીરનો ત્યાગ કરવાથી વ્યક્તિ પુનર્જન્મમાં બ્રહ્મને પ્રાપ્ત કરે છે .આ જ કારણને લીધે મહાભારત કાળ દરમ્યાન ભીષ્મપિતામહે જ્યાં સુધી સૂર્ય ઉત્તર તરફ ન જાય ત્યાં સુધી પોતાનું શરીર છોડું નહીં તેવું નક્કી કર્યું હતું. પોતાનું શરીર છોડવા મકરસક્રાંતિ પસંદ કરી હતી. આ દિવસે મહારાજ ભગીરથે તેમના પૂર્વજોને તર્પણ કર્યું હતું .તેથી આ દિવસે ગંગા સાગરમાં મેળાનું આયોજન કરવામાં આવે છે. ઉતરાયણના દિવસે દાન- પૂજન નું બહુ મહત્વ છે .ગુજરાતમાં આ દિવસે ઘઉં ,બાજરી કે જુવારને છડીને તેનો ખીચડો બનાવવામાં આવે છે .બહેન , દીકરી તથા અન્ય લોકોને આ ખીચડો ખવડાવવાથી પુણ્ય મળે છે તેવી એક દ્રઢ માન્યતા પણ છે. આ ઉપરાંત ઘઉંની ઘૂઘરી, લીલું ઘાસ ગાયોને ખવડાવવામાં આવે છે. ધન ,ધાન્ય અને વસ્ત્રનું દાન આપવામાં આવે છે .શિયાળામાં કડકડતી ઠંડીથી રક્ષણ મેળવવા માટે કેટલાક લોકો ધાબળા અને શાલ પણ જરૂરિયાતમંદને આપે છે .આ દિવસને સુખ સમૃદ્ધિ અને પુણ્યનો દિવસ ગણવામાં આવે છે.

**લેખકઃ - ઘનશ્યામ પટેલ (ખુશ) કેલગરી , કેનેડા**

* ચલ ચલ રે પતંગ ચલ રે ...

મોડી રાત સુધી ઉજાગરા કરી પતંગની કિન્ના બાંધી સૂર્યોદય થતાં જ અબાલવૃદ્ધ તમામ પોતાના ઘરના છાપરા પર, ધાબાઓ કે ખુલ્લા મેદાન પર પતંગ ઉડાડવા પહોંચી જતા હોય છે .સવારે થોડાક જ કલાકમાં આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે અને નયનરમ્ય દશ્ય જોવા મળે છે . એ કાપ્યો, લૂંટ લૂંટ વગેરેની લાઉડ સ્પીકર દ્વારા બૂમો સાંભળવા મળે છે . તલ ની ચીકી , તલના લાડુ ખાવામાં આવે છે જે શરીર માટે સ્વાસ્થ્યપ્રદ હોયછે .શેરડી , રેવડી, જામફળ, ઉંધીયું અને જલેબીની જ્યાફત ઉડેછે. રાત્રે તુક્કલ ચગાવે છે .રંગીન ફટાકડાથી સર્જાતા આકાશનો નજારો જોવાનો લ્હાવો પણ અનેરો હોય છે. પતંગ રસિકો અને સંગીતપ્રેમીઓ સંગીતના સથવારે ડાન્સ કરી મિત્રો સાથે આનંદ મેળવે છે .કેટલાકને પતંગ ચગાવવા કરતા લૂંટવામાં જ વધુ મજા આવે છે .મોટા શહેરોમાં ખાલી મકાનના મોટા ધાબા પર ખાણી પીણી અને પતંગ ,દોરી સાથેના એક દિવસના સંપૂર્ણ સુવિધાવાળા પેકેજ પણ હવે તો મળતા થયા છે.

પતંગની શરૂઆત --

પતંગ ચગાવવાની શરૂઆત ચીનમાં આશરે 3000 વર્ષ પહેલા થઈ હતી. પતંગ બનાવવા સિલ્કના કાપડનો ઉપયોગ કરવામાં આવતો. લાકડી માટે વાંસનો ઉપયોગ કરવામાં આવતો . જાણવા મુજબ ઈન્ડોનેશિયાની ગુફામાં પણ પતંગના ચિત્રો જોવા મળે છે. તે વખતે વનસ્પતિના મોટા પાનમાંથી પતંગ બનાવવામાં આવતી. ત્યાર પછી પતંગ બનાવવા રંગીન કાગળ અને પ્લાસ્ટિકનો પણ ઉપયોગ કરવામાં આવ્યો.

* પતંગ મહોત્સવ --

પતંગ ઉડાડવાનો પતંગ રસિયાઓને ખૂબ શોખ છે તેથી હવે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ પતંગોત્સવ ઉજવાય છે, જેમાં દેશવિદેશના ઘણા પતંગ રસિયાઓ ભાગ લે છે .પતંગની ડિઝાઈન,રંગ અને આકાર પણ ખૂબ જ સરસ હોય છે. ગુજરાતમાં નડિયાદ અને ખંભાતના પતંગોની મોટી માગ હોય છે.

પ્રજા જોગ સંદેશ--

ચાઈનીઝ દોરી વાપરવાથી વ્યક્તિના ગળા કપાય છે અને મૃત્યુ પામે છે, તો ચાઈનીઝ દોરી વેચવી નહીં કે વાપરવી નહીં. પતંગ દોરીથી ઘણા પક્ષીઓની પાંખો કપાય છે .જીવદયા પ્રેમીઓ ખૂબ જ સરસ સેવાનું કાર્ય આ દિવસે કરેછે અને ઈજાગ્રસ્ત પક્ષીઓને પાટા પીંડી કરી તેમને નવજીવન બક્ષે છે .આ ઉમદા અને સરાહનીય સેવાકાર્યમાં યુવક યુવતીઓએ જોડાઈ મદદરૂપ થવું. આ દિવસે સ્વજીવન આનંદમય અને સુખરૂપ પસાર થાય તે માટે નફરત ,ઈર્ષા, ક્રોધ, પાપ, વ્યભિચાર, વ્યસન, ભ્રષ્ટાચાર અને અભિમાનના પતંગ ના પેચ કાપી સ્નેહ, દયા, કરુણા, પ્રેમ, લાગણી,સદાચાર, પુણ્ય, ઈશ્વરભક્તિના પતંગો ગગનમાં ઊંચે સુધી લહેરાવવા વિનંતી છે.

DHARMENDRA PATEL




Happy Makar Sankrati

# DHARMENDRA PATEL

**FINANCIAL ADVISOR**

## INSURANCE

- Life & Critical Illness Insurance
- Mortgage Protection Insurance
- Travel & Super Visa Insurance
- Disability Insurance
- Medical Insurance

## INVESTMENTS

- RRSP, RDSP, TFSA, RRIF & Annuities
- Children Education Plans
- Estate Planning



Contact : (647) 834-8690

@ Dharmendrapatel@primerica.com

# insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

**Dharmendra Patel** RIBO

M : 647 834 8690

O : 647 507 9219 | F: 647 872 9219

dharma.patel@insureline.com | www.insurelinepearl.com

7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y OP6

Independently Owned & Operated

# હિંદુ ધર્મના ૧૮ મહાપુરાણો : સૃષ્ટિની ઉત્પત્તિ, જેમાં દેવી-દેવતાઓના ઈતિહાસ અને જીવન જીવવાની સાચી

લેખક શ્રી કિરીટભાઈ પટેલ, કેનેડા

આ ફોટામા હિંદુ ધર્મના ૧૮ મહાપુરાણો વિશેની માહિતી આપે છે. હિંદુ શાસ્ત્રોમાં પુરાણોનું ખૂબ મહત્વ છે, જેમાં સૃષ્ટિની ઉત્પત્તિ, દેવી-દેવતાઓના ઇતિહાસ અને જીવન જીવવાની સાચી રીત સમજાવવામાં આવી છે.

અહીં ચિત્રમાં દર્શાવેલા ૧૮ પુરાણોની યાદી અને તેમનો ટૂંકો અર્થ છે:

૧૮ મહાપુરાણોની યાદી

૧. બ્રહ્મ પુરાણ: આને 'આદિ પુરાણ' પણ કહેવાય છે. તેમાં સૃષ્ટિની રચના વિશે માહિતી છે.

૨. પદ્મ પુરાણ: આમાં પૃથ્વીના પાંચ ખંડો અને ધાર્મિક વિધિઓનું વર્ણન છે.

૩. વિષ્ણુ પુરાણ: ભગવાન વિષ્ણુના અવતારો અને તેમના મહિમા વિશે જણાવે છે.

૪. શિવ પુરાણ: ભગવાન શિવની લીલાઓ અને જ્યોતિર્લિંગોનું વર્ણન છે.

૫. ભાગવત પુરાણ: ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ અને અવતારો માટે આ સૌથી લોકપ્રિય પુરાણ છે.

૬. નારદ પુરાણ: આમાં જ્યોતિષ, વ્યાકરણ અને ધર્મના વિવિધ અંગોની ચર્ચા છે.

૭. માર્કંડેય પુરાણ: આમાં દેવી દુર્ગાનો મહિમા (દુર્ગા સપ્તશતી) મુખ્ય છે.

૮. અગ્નિ પુરાણ: આને જ્ઞાનકોશ માનવામાં આવે છે, જેમાં આયુર્વેદ અને ધનુર્વિદ્યા જેવી વિદ્યાઓ છે.

૯. ભવિષ્યોત્તર (ભવિષ્ય) પુરાણ: આમાં આવનારા સમય અને ભવિષ્યની ઘટનાઓ વિશે લખાયેલું છે.

૧૦. બ્રહ્મવૈવર્ત પુરાણ: ભગવાન કૃષ્ણ અને રાધાજીના ગોલોક ધામનું વર્ણન છે.

૧૧. લિંગ પુરાણ: ભગવાન શિવના પ્રતીક 'લિંગ'ની ઉત્પત્તિ અને મહિમા વિશે છે.

૧૨. વરાહ પુરાણ: વિષ્ણુ ભગવાનના વરાહ અવતારની કથા છે.

૧૩. વામન પુરાણ: વિષ્ણુ ભગવાનના વામન અવતાર અને બલિ રાજાની કથા છે.

૧૪. કુરમ પુરાણ: વિષ્ણુ ભગવાનના કાચબા (કુરમ) અવતાર વિશેની માહિતી છે.

૧૫. મત્સ્ય પુરાણ: વિષ્ણુ ભગવાનના પ્રથમ અવતાર (માછલી) અને પૃથ્વીના રક્ષણની વાત છે.

૧૬. ગરુડ પુરાણ: આમાં મૃત્યુ પછીની ગતિ અને આત્માના પ્રવાસ વિશે સમજાવવામાં આવ્યું છે.

૧૭. બ્રહ્માંડ પુરાણ: બ્રહ્માંડની રચના અને વિજ્ઞાન




વિશેની વાતો તેમાં છે.

૧૮. સ્કંદ પુરાણ: આ સૌથી મોટું પુરાણ






HOMELIFE
HIGHER STANDARDS

HOMELIFE/MIRACLE REALTY LTD.

Brokerage, Independently Owned & Operated

**SANJU PATEL**

Broker



| | |
|---|---|
| DIRECT | 647-721-0491 |
| OFFICE | 905-454-4000 |
| FAX | 905-463-0811 |

REALTOR®

MLS MULTIPLE LISTING SERVICE®

Email realtorsanju@gmail.com

Web www.shivbijhomes.com

# મૌન અને શ્રવણ: સુખી જીવનનો રાજમાર્ગ



લેખકઃ પરેશ શાહ, વડોદરા

એક ખૂબ જ પ્રચલિત કહેવત છે કે, "જીવનમાં જો સુખી થવું હોય ને, તો સાંભળતા શીખો, કારણ કે બોલનાર તો ઘણું બોલી જાય છે પણ સમજનાર મૌન હોય છે." આ વાક્ય માત્ર શબ્દો નથી, પણ જીવન જીવવાની એક કળા છે. ભગવાને પણ મનુષ્યને બે કાન અને એક મુખ આપ્યું છે, જેનો સ્પષ્ટ સંકેત છે કે આપણે બોલવા કરતાં સાંભળવાનું કામ બમણું કરવું જોઈએ.

જ્યારે આપણે બોલીએ છીએ, ત્યારે આપણે માત્ર એ જ પુનરાવર્તિત કરીએ છીએ જે આપણે પહેલાથી જાણીએ છીએ. પરંતુ જ્યારે આપણે સાંભળીએ છીએ, ત્યારે આપણે કંઈક નવું શીખવાની તક મેળવીએ છીએ. સુખી થવા માટે ધીરજપૂર્વક સાંભળવું એ પહેલું પગથિયું છે.

ચલણી સિક્કા અને નોટોઃ

તમે જોયું હશે કે જ્યારે પણ કોઈ પાકીટમાં કે ગલ્લામાં સિક્કાઓ હોય છે, ત્યારે તે ખૂબ અવાજ કરે છે. પરંતુ જે ચલણી નોટો હોય છે, જેનું મૂલ્ય સિક્કા કરતાં અનેકગણું વધારે હોય છે, તે ક્યારેય અવાજ કરતી નથી. તે શાંત રહે છે. આ ઉદાહરણ શીખવે છે કે જેનું વ્યક્તિત્વ અને સમજણ ઊંડી હોય છે, તે શાંત રહે છે, જ્યારે ઓછી સમજણ ધરાવતા લોકો વધુ અવાજ કરે છે.

આપણે ત્યાં કહેવત છે કે "અધૂરો ઘડો છલકાય ઘણો." એટલે કે જ્ઞાન કે સમજણનો અભાવ હોય ત્યારે માણસ પોતાની જાતને સાબિત કરવા માટે બિનજરૂરી દલીલો અને વાતો કરે છે. બીજી તરફ, જે વ્યક્તિ જ્ઞાન અને અનુભવથી ભરેલી છે (ભરેલો ઘડો), તે મૌન રહીને સ્થિરતા જાળવી રાખે છે.

સંબંધોમાં સુમેળઃ

મોટાભાગના કૌટુંબિક ઝઘડા કે સંબંધોમાં તિરાડ પડવાનું કારણ 'સાંભળવાનો અભાવ' હોય છે. જ્યારે બે વ્યક્તિ ગુસ્સામાં હોય અને બંને બોલ્યે જ રાખે, ત્યારે વાત વણસી જાય છે. પણ જો એક વ્યક્તિ સમજદારી દાખવીને મૌન રહે અને સામેવાળાને સાંભળી લે, તો ગુસ્સો શાંત થઈ જાય છે અને ગેરસમજ દૂર થાય છે.

મૌન એ કમજોરી નથી, પણ પરિપક્વતાની નિશાની છે. સામેવાળાને સાંભળવું એટલે તેને સન્માન આપવું. જ્યારે તમે સામેવાળાની વાત પૂરી સાંભળો છો, ત્યારે તમે પરિસ્થિતિને વધુ સારી રીતે સમજી શકો છો અને યોગ્ય નિર્ણય લઈ શકો છો. સાચું સુખ દલીલો જીતવામાં નહીં, પણ શાંતિ જાળવવામાં છે. તેથી, સુખી થવું હોય તો પ્રતિક્રિયા આપવાની ઉતાવળ કરવાને બદલે, સાંભળવાની અને સમજવાની ધીરજ કેળવવી અનિવાર્ય છે.

Happy Makar Sankrati
EDM Elite Digital Marketing LETS BE POPULAR
ELITE
PRINT & DIGITAL MARKETING
HAPPY Makar Sankranti
- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting
facebook Link
Chat
Let's Start!
Parth Patel
647 655 5029
Let's Be popular
Find on Google



# ગત અંકમાંમાં ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપરને છ માસ પૂર્ણ થયા અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી ત્યારે આપણા વિદ્વાન લેખકોની કલમે ગરવી ગુજરાત ન્યુઝ પેપર અને તંત્રી શ્રી સુજ્ઞેશ પટેલ ને પ્રોત્સાહક શુભેચ્છાઓ પાઠવી તે બદલ તેઓનો ખુબ ખુબ આભાર

## ગરવી ગુજરાત એટલે કેનેડામાં ગુજરાતીઓનો સાંભળવા જેવો અવાજ

ગરવી ગુજરાત એટલે એકબીજાને હળવા જેવું ગુજરાતી અઠવાડિક,
ગરવી ગુજરાત એટલે માંહોમાંહે ભળવા જેવું ગુજરાતી અઠવાડિક,
ગરવી ગુજરાત એટલે સ્નેહોર્મિને કળવા જેવું ગુજરાતી અઠવાડિક,
ગરવી ગુજરાત એટલે આદર સન્માન રળવા જેવું ગુજરાતી અઠવાડિક,
ગરવી ગુજરાત એટલે સહુને ફળવા જેવું ગુજરાતી અઠવાડિક.
ગરવી ગુજરાત એટલે શનિવારનો પહેલો શ્વાસ,
ગરવી ગુજરાત એટલે તંત્રીલેખમાં અસ્તિત્વનો અહેસાસ,
ગરવી ગુજરાત એટલે ગૌરવાન્વિત ગુજરાતી લેખકોનો અજવાસ,
ગરવી ગુજરાત એટલે આપણી ચેતનાનો જીવંત સહવાસ.
ગરવી ગુજરાત એટલે કેનેડા મધ્યે ગુજરાતના ગૌરવનું આકાશ,
ગરવી ગુજરાત એટલે નીત નવી દિશા ચીંધતો એક અનંત પ્રકાશ ,
ગરવી ગુજરાત એટલે પરસ્પર લાગણી પ્રસરાવતી ભીનાશ,
ગરવી ગુજરાત એટલે જાણે કે વર્તમાન ઝંઝટમાં મળતી હળવાશ.
તંત્રીશ્રી સુજ્ઞેશભાઈ પટેલ એટલે જેમનો સ્નેહ વરસે અનરાધાર,
તંત્રીશ્રી સુજ્ઞેશભાઈ પટેલ એટલે ઐક્ય ને સનાતનનો મજબૂત આધાર,
તંત્રીશ્રી સુજ્ઞેશભાઈ પટેલ એટલે ક્યારેય સહેજ પણ કરે ના વાર,
તંત્રીશ્રી સુજ્ઞેશભાઈ પટેલ એટલે સૌના સ્નેહિલ “હર્ષ “નો રણકાર.



ગરવી ગુજરાત એટલે કેનેડામાં ગુજરાતીઓનો સાંભળવા જેવો અવાજ.
**હસમુખ બી. પટેલ** [એચ.બી. પટેલ]
“હર્ષ“-“પરખ”, અમદાવાદ - નારદીપુર
[ પૂર્વ કાર્યપાલક ઈજનેર, UGVCL ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ]






**પ્રિન્સિપાલ પરેશભાઈ શાહ**
**ખ્યાતનામ શિક્ષણ વિદ,**
**વડોદરા, ગુજરાત**

આદરણીય સુજ્ઞેશભાઈ,

સાદર નમસ્કાર.

સૌ પ્રથમ તો આપને અને ‘ગરવી ગુજરાત’ની સમગ્ર ટીમને ડિજિટલ પત્રકારત્વના ક્ષેત્રે ૬ માસનો ગૌરવમય પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

આપના દ્વારા શરૂ કરવામાં આવેલ આ સાહસ ખૂબ જ ટૂંકા ગાળામાં લોકપ્રિય બન્યું છે. ડિજિટલ માધ્યમ દ્વારા સમાજ, સંસ્કૃતિ અને સમુદાયને જોડવાનું જે ઉમદા કાર્ય આપ કરી રહ્યા છો, તે ખરેખર પ્રશંસનીય છે. સચોટ સમાચાર અને સકારાત્મક અભિગમ એ ‘ગરવી ગુજરાત’ની ઓળખ બની રહી છે.

વાચક મિત્રો અને લેખકો તરફથી મળતો પ્રેમ એ આપની મહેનતનું જ પરિણામ છે. મને વિશ્વાસ છે કે આવનારા સમયમાં પણ આપના નેતૃત્વમાં આ ન્યુઝ પેપર પ્રગતિના નવા શિખરો સર કરશે અને સમાજને નવી દિશા ચીંધતું રહેશે.

નવા વર્ષ અને ભવિષ્યની સફળતા માટે આપને અને સમગ્ર ટીમને મારી હાર્દિક શુભેચ્છાઓ.

**શુભેચ્છક, પરેશ શાહ**
**તારીખઃ ૩ જાન્યુઆરી, ૨૦૨૬**

# મકર સંક્રાંતિ (ઉત્તરાયણ) સૂર્યનું ઉત્તર તરફ સંક્રમણ માનવ જાતને અસરકર્તા છે. ઉત્તરાયણ એટલે દેવતાઓનો દિવસ

## આ સમયે મૃત્યુ થાય તો જીવને વૈકુંઠમાં સ્થાન મળે છે.: સમગ્ર વિશ્વમાં પ્રદેશ મુજબ દિવસનું મહત્વ

લેખકઃ ડૉ. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક (સંગીતકાર)



મકર સંક્રાંતિ (ઉત્તરાયણ)નું માહાત્મ્ય:

સૂર્ય ધનુ રાશિ માંથી મકર રાશિમાં સંક્રમણ કે સ્થાનાંતર (પરિવર્તન) કરે છે તેને મકર સંક્રાંતિ કહે છે. બીજા શબ્દોમાં સૂર્ય ઉત્તર તરફ ખસતો કે ગતિ કરતો હોવાથી આ દિવસને ઉત્તરાયણ (ઉત્તર+અયન) તરીકે ઓળખવામાં આવે છે. ઉતરાયણના ૬ માસ પૂરા થાય એટલે દક્ષિણાયનના માસનો પ્રારંભ થાય છે. તેને દેવતાઓની રાત્રિ કહે છે. આ સમયે મૃત્યુ પામનાર જીવ ચંદ્રનો પ્રકાશ મેળવી ફરીથી સંસારમાં જન્મ લે છે તેવી ધાર્મિક માન્યતા છે. ઉત્તર તરફ ગતિનો પ્રારંભ ૨૧ ડિસેમ્બરથી થાય છે. આમ તો ૧૪ મી જાન્યુઆરી આસપાસનો સમય ગણવામાં આવે છે. પરંતુ ખગોળશાસ્ત્રની દૃષ્ટિ એ ઇ. સ. ૨૦૧૬ના જાન્યુઆરી મહિનામાં ૧૫ જાન્યુઆરીના દિવસે ઉત્તરાયણ(મકર સંક્રાંતિ) હતી. સૂર્ય ઉત્તર તરફ ગતિ કરતો હોવાથી હવે રાત્રિઓ ટુંકી અને દિવસો લાંબા થવાની શરૂઆત થાય છે . સૂર્ય મકર રાશિમાં પ્રવેશતાં જ તેજોમય બને છે. સૂર્યનું ઉત્તર તરફનું સંક્રમણ માનવજાતને એટલું જ લાગુ પડે છે. જેમ જેમ સમય ચક્ર આગળ વધે છે તે પ્રમાણે આપણે પરિવર્તન કરવું જરૂરી છે. સમય સાથે કદમ તાલ ન મિલાવી શકનાર સમાજ માંથી દૂર ફેંકાઈ જાય છે. આમ સંક્રમણનો બીજો અર્થ વિકાસ પણ થાય છે. આપણા જીવનમાં જૂની પ્રથા કે નિરર્થક બાબતો બાધારૂપ હોય તેનો ત્યાગ કરીને નવીન મૂલ્યોને અપનાવવાનો સંદેશ આ પર્વ આપણને આપી જાય છે. જેવી રીતે કર્મયોગી બનેલો સૂર્ય દક્ષિણ માંથી ઉત્તર તરફ પરિવર્તનનો માર્ગ ગ્રહણ કરે છે તેવી રીતે આપણે અજ્ઞાન રૂપી તિમિર(અંધકાર)ને ત્યજીને જ્ઞાન રૂપી પ્રકાશની વાટે પ્રયાણ કરવાનું છે તો જ આપણે સારા નરસાંનો ભેદ તારવી શકીશું.

સંક્રાંતિ શબ્દના અનેક ભેદ શાસ્ત્રકારો આપણને સમજાવે છે.

સંક્રાંતિનો અર્થ છે સમૂહ ક્રાંતિ કે સંઘ ક્રાંતિ. અર્થાત્ સંઘ કે સમૂહ સંગઠિત થાય તો ગમે તેટલા કઠિન કાર્યોમાં અવશ્ય ફતેહ પ્રાપ્ત કરે છે.

સંક્રાંતિનો બીજો અર્થ મહાપુરુષો “સંગ ક્રાંતિ”કરે છે. રાગ, દ્વેષ, મોહ માયાની આસક્તિનો ત્યાગ કરીને માનવતા, પ્રામાણિકતા, શુદ્ધ આચાર વિચાર, સત્ય, સત્કર્મો કરીને પ્રભુ ભક્તિનો સંગ એટલે સત્સંગ કરવો જેવી રીતે અર્જુને કૃષ્ણનો સંગ કર્યો હતો અને કર્ણ દુષ્ટ દુર્યોધનનો સંગ(કુસંગ) કરીને ધિક્કારને પાત્ર બન્યો.

વિવિધ ક્ષેત્રોમાં મકર સંક્રાંતિના વિભિન્ન નામો:-.

૧. ઉત્તરભારતમાં હિમાચલ પ્રદેશમાં લોહળી કે લોહલી. પંજાબમાં લોહડી

૨. પૂર્વ ભારતમાં બિહારમાં સંક્રાંતિ

આસામમાં ભોગાલી બિહુ

૩. પશ્ચિમ બંગાળ ઓરિસ્સામાં મકર સંક્રાંતિ

૪. પશ્ચિમ ભારતમાં ગુજરાત કે રાજસ્થાનમાં મકરસંક્રાંતિ અને મહારાષ્ટ્રમાં સંક્રાંત.

૫. દક્ષિણ ભારતમાં આંધ્ર પ્રદેશ, તેલુગુ, તામિલનાડુમાં પોંગલ, કર્ણાટકમાં સક્રાંથી કે સંક્રાંથ.

શબરી માલા મંદિરમાં વલ્લાકુ ઉત્સવ.

૬. નેપાળમાં થારુ લોકો માઘી અથવા માઘ સંક્રાંતિ કહે છે.

૭ દક્ષિણ એશિયા થાઈલેન્ડમાં સોંગક્રાંત, લાઓસમાં પિમાલાઓ અને મ્યાનમારમાં થિંગયાનના નામથી ઉજવવામાં આવે છે.

### પુરાણમાં ઉત્તરાયણનું મહત્વ :-

મહાભારતના યુદ્ધમાં કુરુવંશના સંરક્ષક ભીષ્મ પિતામહે મકર સંક્રાંતિ સમયે સૂર્યોદય ટાણે દેહ છોડવાનું પસંદ કર્યું હતું કેમ કે તે દિવસે શિવજીની જટા માંથી ભગીરથના પ્રયત્નોથી પતિત પાવની મા ગંગાનું પુણ્ય ભૂમિ પર અવતરણ થયું હતું. તેઓ ગંગાપુત્ર હતા. . ઉત્તરાયણના દિવસે ભીષ્મે દેહોત્સર્ગ કર્યો હતો તેથી આ પર્વને ભીષ્મ દેહોત્સર્ગ ઉત્સવ અથવા ભીષ્મ જયંતિ તરીકે પણ ઉજવવામાં આવે છે. બાણશૈયા પર ઈચ્છા મૃત્યુને ભેટનાર ભીષ્મને યુધિષ્ઠિર પ્રશ્ન કરે છે કે”માનવ કલ્યાણ માટે શું શ્રેષ્ઠ છે? ભીષ્મ કહે છે કે” અંતિમ લક્ષ શ્રી હરિ વિષ્ણુ જ છે. વિષ્ણુના હજાર (સહસ્ત્ર) નામનો જાપ કરીને વિષ્ણુ સહસ્ત્ર નામ કે સ્તોત્રના જાપ જ શ્રેયકર છે. (પાના નં. 18 પર)



પાના નં.17નું ચાલુ.....

(૨) જ્યોતિષની દ્રષ્ટિ એ મકર સંક્રાંતિ એ ઉપાસના અને અનુષ્ઠાનો:-- ઋગવેદમાં સૂર્ય માટે "પતંગ"શબ્દનો પ્રયોગ થયો છે. આર્યો પણ પ્રાચીનકાળથી સૂર્યની પૂજા કરતા હતા કેમ કે સૂર્યપૂજા કરવાથી અમંગળ, દરિદ્રતા અને રોગથી મુક્તિ મળે છે અને માનવ કલ્યાણ થાય છે .

તાંબાના લોટામાં સાકર મિશ્રિત જળ ભરીને પીંપળે જળ ચડાવવાથી પિતૃદેવો અતિ પ્રસન્ન થાય છે.

જો સ્ત્રીઓ ગાયત્રી મંત્રની યોગ્ય રીતે સાધના કરે તો તેઓની આંતરિક શક્તિમાં ઘણો વધારો કરી શકે છે.

સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરતો હોવાથી કમૂરતા પૂર્ણ થાય છેને લગ્ન આદિ માંગલિક કાર્યોનો પ્રારંભ થાય છે

બીજું કે ઉતરાયણના દિવસે સૂર્ય તેમના પુત્ર શનિદેવને મળ્યા હતા તેથી આ પર્વની ઉજવણીથી પિતા પુત્ર વચ્ચે ગમે તેવો અણબનાવ હોય તો તે દૂર થાય છે.

મકરસંક્રાંતિ એ જ્ઞાનની દેવી મા સરસ્વતીની પૂજા આદર કરવાનો પણ આ આદર્શ સમય મનાય છે. હાથેથી છડેલા સાત ધાનનો (ધાન્ય) ખીચડો બનાવવાનું જ્યોતિષની દ્રષ્ટિએ ખુબ મહત્વ છે. ખીચડો બનાવીને (જુવાર, બાજરી, ઘઉં, ચોખા, મગની દાળ, તુવેરની દાળ, અડદની દાળ) નાની બાળાઓ, બહેન, દીકરી અન્ય લોકોને ખવડાવવાથી પુણ્ય મળે છે.

ખીચડાના સેવનથી કુંડળીનાગ્રહોની સ્થિતિ સુધરે છે.

ચોખાનો સંબંધ ચંદ્રમા સાથે, અડદ દાળને શનિનું પ્રતિક ગણાય છે હળદરનો સંબંધ ગુરુ ગ્રહ સાથે, લીલા શાકભાજીનો સંબંધ બુધ ગ્રહ સાથે હોય છે.

ખાસ કરીને પશુ, પ્રાણીઓ, માછલીઓ, તેમજ ગાય અને બળદને ઘઉંની ઘૂઘરી (ટોથા) કરીને ખવડાવવામાં આવે છે. વળી પહેલાના સમયમાં લાડુમાં સોના મહોર કે સિક્કા મૂકીને ગુપ્ત દાન કરવામાં આવતું હતું.

મહારાષ્ટ્રમાં તલ ગોળ આપીને એવું કહે છે કે"તિલ ગુડ ઘ્યા, ગુડ ગુડ બોલા"અર્થાત્ તલ ગોળ આપોને મીઠું મીઠું બોલો. ભૂતકાળની ભૂલોને ભૂલી જઈને ફરી સંબંધોમાં મીઠાશ લાવીએ. વળી ઋતુ બદલાતી હોવાથી તલ ગોળ ખાવાથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે.

(૩) ઉત્તરાયણ યાને મકર સંક્રાંતિ એટલે પતંગોનો તહેવાર.

રમેશ પારેખના શબ્દોમાં કહીએ તો

**"પતંગનો ઓચ્છવ એ મનુષ્યના ઉમળકાઓનો ઘુઘવતો વૈભવ, આભ તને પતંગ રૂપે છે નિમંત્રણ, નીચે આવી આપ ઉમળકો"**

આખો દિવસ પતંગ રસિયાઓ અગાશી કે ધાબા પર ચઢી પોતાની આગવી આવડત વાપરીને પતંગોને કાપીને "એ કાટ્ટા, લપેટ"કહીને હર્ષોલ્લાસ પ્રકટ કરે છે. બાલમુકુંદ દવેની પતંગ વિશેની કવિતા આ પ્રસંગે યાદ આવે છે.

"મારો ચગે રે પતંગ કેવો સર સર સર. .

વાયો આકાશી વાયરો ફર ફર ફર.

સૂર્યાસ્ત બાદ પતંગ રસિયાઓ જાણે આહવાન આપી કહે છે કે

**" દિન ભર લુંટાવ્યો અમે આનંદ અપાર છે,**
**ફાનસ ચગાવું રાત પડે એની વાર છે**
**પેલી તારલાંની ટોળી હસે ખડ ખડ ખડ. "**

અને આમ સમગ્ર દિવસ ઉંધીયુ, જલેબી, ફાફડા, પૂરી, ગોળ તલની ચીક્કી સાથે પરિવાર સાથે આનંદપૂર્વક પૂર્ણ થાય છે.

અમદાવાદમાં રિવર ફ્રન્ટ પર આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન થાય છે દેશ વિદેશના પતંગ રસિયાઓ પતંગ ચગાવીને આનંદ માણે છે.

અમારા પાટણ અને સિધ્ધપુરમાં આ દિવસે પતંગ ચગાવાતો નથી પણ દશેરાના દિવસે પતંગ ચગાવાય છે કેમ કે લોક માન્યતા એવી છે કે આ દિવસે પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહનું મૃત્યુ થયું હતું

લોકપ્રિય મેળાઓનું આયોજન: આ દિવસે ખુબજ પ્રખ્યાત કુંભ મેળો ભરાય છે. જે દર બાર વર્ષે હરિદ્વાર, પ્રયાગ, ઉજ્જૈન, અને નાસિક આ ચાર જગ્યાએ વારા ફરતી યોજવામાં આવે છે. વળી કલકત્તા નજીક ગંગા સાગરનો મેળો ભરાય છે. નદીઓમાં સ્નાન કરવાથી પાપોથી મુક્તિ મળે છે.

આમ છેલ્લે સમાપનમાં એટલું જ કહીશ કે આ દિવસ ગુરુ પાસે આશીર્વાદ પ્રાપ્ત કરવાનો તેમજ પરિવારના મિલન અને સમર્પણનો દિવસ છે...






"Honest Deals. Real Results."
Happy Makar Sankrati
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં
સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા....
ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.

IATA

Best Voyage Pvt. Ltd.

CELEBRATING 25th ANNIVERSARY

scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો

ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....

Happy Makar Sankranti

Winter 2025-26
PACKAGE

Happy Makar Sankrati

ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ
17 રાત્રિ - 18 દિવસ
21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ

ઓસ્ટ્રેલિયા
11 રાત્રિ - 12 દિવસ
20 જાન્યુઆરી
6,16 ફેબ્રુઆરી, 17 માર્ચ

ન્યુઝીલેન્ડ
11 રાત્રિ - 12 દિવસ
19 જાન્યુઆરી
15 ફેબ્રુઆરી, 06 માર્ચ

સિંગાપોર મલેશીયા & ક્રુઝ
08 રાત્રિ - 09 દિવસ
29 જાન્યુઆરી, 03 માર્ચ

સિંગાપોર મલેશીયા & ક્રુઝ
09 રાત્રિ - 10 દિવસ
19 ફેબ્રુઆરી

સાઉથ આફ્રિકા
10 રાત્રિ - 11 દિવસ
18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી
22 માર્ચ

અઝરબૈજાન
06 રાત્રિ - 07 દિવસ
15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી
10 ફેબ્રુઆરી, 05 માર્ચ

વિયેતનામ વિથ ફુકોક
09 રાત્રિ - 10 દિવસ
20 જાન્યુઆરી
13 ફેબ્રુઆરી, 03 માર્ચ

વરસેટાઇલ વિયેતનામ
08 રાત્રિ - 09 દિવસ
20 ફેબ્રુઆરી 02 માર્ચ

શ્રીલંકા
07 રાત્રિ - 08 દિવસ
14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી
13 ફેબ્રુઆરી, 05 માર્ચ

બાલી
06 રાત્રિ - 07 દિવસ
12 ડિસેમ્બર 04 જાન્યુઆરી
13 ફેબ્રુઆરી 05 માર્ચ

આઈસલેન્ડ
09 રાત્રિ - 10 દિવસ
01 માર્ચ

Happy Makar Sankranti

Summer 2026
PACKAGE

ચેરી બ્લોસમ જાપાન
09 રાત્રિ - 10 દિવસ
22, 27, 30 માર્ચ

જાપાન વિથ અલ્પાઈન રુટ
10 રાત્રિ - 11 દિવસ
19,29 મે 10,22 જૂન

સાઉથ આફ્રિકા
10 રાત્રિ - 11 દિવસ: 10 ,16 મે
11 રાત્રિ - 12 દિવસ: 26 એપ્રિલ 03, 07, 31 મે
13 રાત્રિ - 14 દિવસ: 14, 28 મે

ઓસ્ટ્રેલિયા
11 રાત્રિ - 12 દિવસ
04 એપ્રિલ
02 ,15,28 મે

ન્યુઝીલેન્ડ
12 રાત્રિ - 13 દિવસ
01 એપ્રિલ
03, 07, 22 મે

વેસ્ટ & ઈસ્ટ અમેરિકા
12 રાત્રિ 13 દિવસ
22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન
01,22 જુલાઈ 19 ઓગસ્ટ
16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર

અમેરિકન વંડર
19 રાત્રિ - 20 દિવસ
30 એપ્રિલ 21 મે 11 જૂન
02 જુલાઈ, 13 ઓગસ્ટ

અમેરિકન ડિસ્કવરી
23 રાત્રિ - 24 દિવસ
05,26 મે 16 જૂન
07 જુલાઈ, 04 ઓગસ્ટ

અમેઝિંગ અમેરિકા
15 રાત્રિ - 16 દિવસ
06, 27 મે 10 જૂન
01 જુલાઈ

કેનેડિયન રોકીસ
09 રાત્રિ - 10 દિવસ
14,21,28 મે 05,11,25 જૂન
09 જુલાઈ, 13 ઓગસ્ટ

બાલી
06 રાત્રિ - 07 દિવસ
24, 30 એપ્રિલ 08, 14 મે
18 જૂન

યુરોપ યાત્રા
18 રાત્રિ - 19 દિવસ
09,28 મે 15 જૂન
13 ઓગસ્ટ

યુનિક યુરોપ
15 રાત્રિ - 16 દિવસ
26 મે 15 જૂન 13 જુલાઈ

યુરોપીઅન ડ્રીમ્સ
12 રાત્રિ - 13 દિવસ
03,08,17, 25 મે 06 જૂન
14 જુલાઈ, 11 ઓગસ્ટ

સિનિક સ્કેન્ડીનેવીયા
12 રાત્રિ - 13 દિવસ
28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર

યુકે વિથ આયર્લેન્ડ
10 રાત્રિ - 11 દિવસ
14 મે 15 જુલાઈ

પેનોરમિક યુરોપ
09 રાત્રિ - 10 દિવસ
21 મે 21 જૂન

ડિસ્કવર ઓસ્ટ્રેલિયા
12 રાત્રિ - 13 દિવસ
30 એપ્રિલ

યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313

હેડ ઓફિસ એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત

બ્રાંચ ઓફિસ નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ




# ધર્મની જય હો ! ગુજરાતી સૈનિકને અમેરિકન એરફોર્સમાં મળી તિલક લગાવાની છૂટ

**અમેરિકાની વાયુ સેનામાં એક ભારતીય મૂળના સભ્યને ડ્યૂટી દરમિયાન તિલક લગાવાની મંજૂરી આપવામાં આવી છે.**

અમેરિકાની વાયુ સેનામાં એક ભારતીય મૂળના સભ્યને ડ્યૂટી દરમિયાન તિલક લગાવાની મંજૂરી આપવામાં આવી છે. વ્યોમિંગમાં એફઈ વોરેન એર ફોર્સ બેસ પર તૈનાત અમેરિકી વાયુ સેનાના એક વાયુસૈનિક દર્શન શાહને ડ્યૂટીને દરમિયાન તિલક લગાવાની મંજૂરી આપવામં આવતા ધાર્મિક છૂટ આપવામાં આવી છે. તે બે વર્ષની આની માગ કરી રહ્યા હતા. તેને આ માગને લઈને ઓનલાઈન ગ્રુપ ચૈટના માધ્યમથી દુનિયાભરમાંથી સમર્થન મળ્યું હતું. 22 ફેબ્રુઆરી, 2022ના રોજ તેને પહેલી વાર વર્દી સાથે તિલક લગાવાની છૂટ આપવામાં આવી હતી.



શાહે કહ્યું કે, ટેક્સાસ, કેલિફોર્નિયા, ન્યૂ જર્સી અને ન્યૂયોર્કના મારા દોસ્તો મને અને મારા માતા-પિતાને મેસેજ મોકલી રહ્યા છે તે તેઓ ખૂબ ખુશ છે અને વાયુસેનામાં આવું કંઈ થયું. તેમણે કહ્યું કે, આ કંઈક નવું છે. અહીંયા કંઈક એવુ થયું છે, જેના વિશે પહેલા ક્યારેય નથી સાંભળ્યું. એ વિચાર્યું પણ નહીં હોય, પણ હા આવું થયું છે.

શાહનું બાળપણ મિનેસોટાના ઈડન પ્રેયરીમાં એક ગુજરાતી પરિવાર થયો હતો. આ પરિવાર બોચાસણવાસી અક્ષર પુરુષોતમ સ્વામીનારાયણ સંસ્થા એટલે કે, બીએપીએસની દેખરેખ કરે છે. આ સંપ્રદાયનું ધાર્મિક પ્રતિક ચંદન છે, જે નારંગી રંગનો યુ આકારનું તિલક બનાવે છે.

જૂન 2020માં બુનિયાદી સૈન્ય ટ્રેનિંગ શરૂ કર્યા બાદથી તે તિલક ચાંદલા સાથે વર્દી લગાવાની મંજૂરી માગી રહ્યા હતા. તેણે પોતાની આ છૂટની સ્થિતિ પર અપડેટ માટે માસિક આધાર પર એર ફોર્સ ગ્લોબલ સ્ટ્રાઈક કમાંડના વ્યક્તિગત કાર્યક્રમોના અધિક્ષકની સાથે તપાસ કરી, જ્યાં સુધી તેનો સ્વિકાર કરવામાં આવ્યો નહીં.



# સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપા અને શિર્ડી સાંઈબાબા – એક જ દિવ્ય તત્વ







લેખક : શ્રીમતી મિનાક્ષી અ. કરમરકર

ભારતની ધરતી હંમેશા સંતો, સાધુઓ અને મહાન આત્માઓથી પવિત્ર રહી છે. આવા બે દિવ્ય પુરુષો શિર્ડી સાંઈબાબા અને વિરપુરના જલારામ બાપા, બંનેએ પોતાનું આખું જીવન માનવતાની સેવા, ભક્તિ અને નિસ્વાર્થ દાન માટે સમર્પિત કર્યું હતું. બંનેના જીવનમાં એક અનોખી સાદગી, સમર્પણ અને દૈવી તેજ જોવા મળે છે.

સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપા અને શિર્ડીના સાંઈબાબા આ બે સંતો બે નદીઓ જેવાં છે, જેનો સ્ત્રોત એક જ સમુદ્ર છે દિવ્ય પ્રેમનો સમુદ્ર. એક ગુજરાતમાં વહે છે, બીજો મહારાષ્ટ્રમાં, પરંતુ બંનેની તરંગો એ જ સંદેશ આપે છે, “પ્રેમ કરો, સેવા કરો, અને ઈશ્વરનો અનુભવ દરેકને હૃદયમાં કરાવો, અન્નદાન જેવું મહાન દાન કોઈ નથી.” આજે પણ વિરપુરમાં અન્નક્ષેત્ર, અવિરત ભકિતની, સતકર્મોની ધૂણી પ્રજવલિત છે. શિર્ડીમાં પણ લાખો લોકો પ્રસાદહોલમાં પ્રસાદ લઈ પોતાને ધન્ય અનુભવે છે.

આજના યુગમાં જ્યારે માનવતાનો પ્રકાશ ધીમો પડી રહ્યો છે, સમાજમાં છળકપટ, લુચ્ચાઈ, ઈર્ષા, લોભ જેવા દુર્ગુણોએ માઝા મુકી છે ત્યારે આ બંને સંતોની વાણી એ અંધકારમાં દીપક સમાન છે. એમના સ્થાનમાં ફક્ત પગ મુકવાથી મનના બધા જ તરંગો શાંત બની જાય છે. જનહિતાર્થે કેવું ભવ્ય જીવન સમાજમાં રહી, લોકોની વચ્ચે રહી બંને સંતો જીવ્યા. આ બે દિવ્ય આત્માઓના જીવનમાંથી વહેતા પ્રેમ, દયા અને સેવા ધર્મના સંગમરૂપ આધ્યાત્મિક સત્યને સ્પર્શે છે.

પ્રભુના અવતારો અનેક રૂપે પ્રગટ થાય છે - કોઈ ભક્તિરૂપે, કોઈ જ્ઞાનરૂપે, કોઈ સેવા રૂપે. જલારામ બાપા અને શિર્ડી સાંઈબાબા આ બે મહાપુરુષો એ એક જ દૈવી તત્વના અલગ-અલગ રૂપ છે, જેમણે માનવજાતને એક જ સંદેશ આપ્યો: “સમાજમાં રહીને લોકોને મદદરૂપ થાઓ એ જ સાચું સાધુ જીવન છે.”

જલારામ બાપાનો જન્મ ૧૪ નવેમ્બર ૧૭૯૯ ના રોજ ગુજરાતના વિરપુરમાં થયો, જ્યારે શિર્ડી સાંઈબાબા લગભગ એક સદી પછી મહારાષ્ટ્રના કોપરગાંવ તાલુકામાં શિર્ડી ગામે સ્વયંભૂ પ્રગટ થયા. સમય અલગ, સ્થાન અલગ પરંતુ બંનેના હૃદયમાં વહેતું દૈવી પ્રકાશ એક જ હતું. બન્નેનો ઉદ્દેશ એક - દુઃખી માનવને શાંતિ, ભક્તિ અને સેવા તરફ દોરવો.

જ્યાં જલારામ બાપાએ “અન્નક્ષેત્ર” ખોલીને ભૂખ્યા જીવને ભોજન આપ્યું, આજે પણ કોઈપણ દાન લીધા વગર અન્નક્ષેત્ર અવિરત ચાલુ છે. તેમ શિર્ડી સાંઈબાબાએ “દ્વારકામાઈ”ના ચુલામાં પ્રેમનો પ્રસાદ વહાવ્યો. બન્નેના ચુલા કદી ખાલી ન રહ્યા કારણ કે એ ચુલામાં ઈશ્વર પોતે અન્નરૂપે વસતા હતા.

આજે વિરપુર "જલારામ મંદિર” અને “અન્નક્ષેત્ર” માટે વિશ્વવિખ્યાત છે. ત્યાં પ્રવેશ માટે દાનપેટી નથી રાખવામાં આવી, આ જ બાપાની નિસ્વાર્થતાનું પ્રતિક છે. વિશ્વના દરેક ખૂણામાંથી ભક્તો વિરપુર આવી બાપાના દર્શન કરે છે અને અન્નદાનમાં ભાગ લે છે. કહેવાય છે કે બાપાની કૃપાથી અન્નક્ષેત્રનું અનાજ કદી ખૂટતું નથી.

શિર્ડી સાંઈબાબાની જીવનશૈલી અત્યંત સાદી હતી. તેઓ એક જૂની મસ્જિદમાં રહેતા, જેને તેઓ "દ્વારકામાઈ” કહેતા. તેમના ભોજન માટે તેઓ ફક્ત પાંચ ઘરે ભિક્ષા માગતા, પરંતુ કદી પોતાને માટે એનો સંગ્રહ કરતા નહીં. બધું જ અન્ય જરૂરિયાતમંદોને વહેંચી દેતા. તેમની વાણી અને જીવનશૈલીથી પ્રેમ, કરૂણા અને સહનશીલતાનો સંદેશ મળતો. સાંઈબાબાએ લોકોમાં એકતા, કરૂણા, દાન અને સત્યના માર્ગ પર ચાલવાની પ્રેરણા આપી.

જલારામ બાપાએ “જલારામ મંદિર” સાથે “અન્નક્ષેત્ર” સ્થાપ્યું, જ્યાં આજ સુધી નિરંતર મફત ભોજન (પ્રસાદ) વિતરણ થાય છે. તેઓ કોઈ ભેદભાવ રાખ્યા વગર સૌને સમાન પ્રેમથી ભોજન પીરસતા. તેમનું હૃદય સહાનુભૂતિ અને દાનથી ભરેલું હતું. બાપા માનતા કે, "ભગવાનની સાચી સેવા તો માનવની સેવા છે.” તેમની સાદી જીવનશૈલી, સફેદ વસ્ત્રો, રુદ્રાક્ષની માળા અને હંમેશા સ્મિતભરેલું મુખ - લોકો માટે પ્રેરણાનું સ્ત્રોત હતું. જલારામ બાપા માટે “સેવા” એ જ ધર્મ હતું. કોઈ ભૂખ્યું કે તરસ્યું વ્યક્તિ જોવું એ તેમના માટે અસહ્ય હતું. તેમની વાણી હતી “જે જીવને ખવડાવશો તે ઈશ્વરને ખવડાવ્યાનું પુણ્ય પામશો.”

શિર્ડી સાંઈબાબા પણ એ જ માર્ગે ચાલ્યા. તેઓ કહેતા, “સબકા માલિક એક.” અને દરેક ભક્તને સમજાવતા કે જે માણસ ભૂખ્યા ને ખવડાવે છે, તે ભગવાનને ભોગ ચઢાવે છે. બન્નેના જીવનમાં અન્નદાન એ એક અખંડ પ્રવાહ રૂપે વહતું રહ્યું. જે આજ સુધી વિરપુર અને શિર્ડીમાં અવિરત ચાલે છે. જલારામ બાપાના જીવનમાં અન્ન કદી ખૂટતું નહોતું પણ તેમણે ક્યારેય તેને ચમત્કાર ગણ્યો નહીં. તેમણે કહ્યું “એ ચમત્કાર નથી પણ ભક્તિનું ફળ છે.”

જલારામ બાપા હંમેશા સફેદ ધોતી-કુર્તા, માથા પર ફેટો અને હાથમાં દંડો ધરાવતા. તેઓ એક સરળ ઘરમાં રહેતા અને પોતે પણ રસોઈમાં હાથ ધરતા. કદી પોતાનો લાભ વિચાર્યા વગર, અન્ય માટે જીવ્યા. જલારામ બાપાએ ક્યારેય જાતિ, ધર્મ કે જાતભેદ માન્યો નહીં. તેમના આશ્રમમાં હિંદુ, મુસલમાન, અછૂત, સૌ સમાન હતા. તેમની દ્રષ્ટિમાં સૌ ઈશ્વરનું રૂપ હતા. શિર્ડી સાંઈબાબા પણ હિંદુ અને અન્ય જાતિ સમુદાય વચ્ચે એકતા લાવનારા સંત હતા. તેમણે ક્યારેય પોતાનો ધર્મ જાહેર કર્યો નહીં. કદી કફની પહેરી મુસલમાન જેવી વેશભૂષા, તો કદી તિલક કરી હિંદુ તરીકે પ્રગટ થયા. કારણ કે તેઓ કહેતા કે “મને નામ કે રૂપની જરૂર નથી હું સર્વમાં છું.” આ સમતા એ જ દિવ્ય જાગૃતિનો આધાર છે - “ભગવાન એક છે, માર્ગો અનેક છે.”

બંને સંતોના જીવન ચરિત્રો વાંચીએ તો અનેક ચમત્કારો જાણવા મળે. એમના ભજનોમાં, લીલામૃતોમાં પણ એનો ઉલ્લેખ વાંચવા મળે. સાથે એ પણ એટલું જ મહત્વનું છે કે તમે “શ્રદ્ધા અને સબુરી રાખશો તો ચમત્કાર તમારી અંદર જ છે.” બન્ને સંતોએ માનવને અવિશ્વાસમાંથી વિશ્વાસ તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ દોર્યા. જલારામ બાપા કહેતા કે, મારા રામના નામમાં સર્વ શક્તિ છે. “વિશ્વાસ રાખો, ઈશ્વર તમારી અંદર કાર્ય કરે જ છે.” એને બહાર શોધવાની જરૂર નથી અને જો શોધવા હોય તો દીન દુઃખીયાના આંસુ લુછો, પીડીતોની સેવા કરો, એમના આધારસ્તંભ બનો.

જલારામ સાંઈ ૧૮૮૧માં મહાસમાધિ પામ્યા, શિર્ડી સાંઈબાબા ૧૯૧૮માં. પણ બંનેના મંદિર આજ પણ જીવંત છે - વિરપુરનું સદાવર્ત અને શિર્ડીનું દ્વારકામાઈ, બન્ને સ્થાન પર અન્નક્ષેત્ર, દયા અને ભક્તિનો અખંડ પ્રકાશ વહે છે. લાખો ભક્ત આજે પણ અનુભવે છે કે જયાં જલારામ બોલાય છે, ત્યાં સાંઈ પ્રતિભાવ આપે છે અને જ્યાં સાંઈની આરતી થાય છે, ત્યાં જલારામનો આશીર્વાદ અનુભવે છે એટલે તો આજે ઘણા ભાવિક ભકતો “જલા સાંઈ” ની પૂજા અર્ચના કરે છે.

જલારામ સાંઈ અને શિર્ડી સાંઈબાબા વચ્ચેની સમાનતા માત્ર કથામાં કે ઇતિહાસમાં નથી. તે આપણા અંતરમાં પ્રગટ થતી દયા, ભક્તિ અને શાંતિના સ્વરૂપમાં છે. શિર્ડી સાંઈબાબા અને જલારામ બાપા બંને આપણને શીખવે છે કે સાચો ધર્મ મંદિરો કે મસ્જિદોમાં નહીં, પરંતુ માનવના હૃદયમાં વસે છે. તેમનું જીવન આજના યુગ માટે પ્રકાશપુંજ સમાન છે - સાદગીથી જીવવું, સેવા કરવી, દાન આપવું અને સૌમાં ઈશ્વરને જોવું.

શિર્ડી નગરીમાં સાંઈ વસે, પ્રેમની ગંગા વહે, વિરપુરમાં જલારામ બાપા, દયાની દીપ જલે.

બિરદાવે બાપા ભક્તિથી, અન્નક્ષેત્રે કરૂણા ફૂટે, સાંઈ કહે - “સર્વમાં હું છું”, પ્રેમથી હૃદય રૂઠે.

એક ભીખ માગતા ફકીર, એક અન્નદાનનો દાતા, બંનેમાં છે એક જ જ્યોત, દયા અને સમતા.

બાપા ભોજન કરાવે સૌને, સંતોષ ભરી હાથે. સાંઈ આશીર્વાદ આપે સૌને, ભક્તિભર્યા નાથે.

જલારામના અન્નક્ષેત્રે શાંતિનો સુગંધ ફેલાય, સાંઈના દ્વારકામાં આશાનો પ્રકાશ ઝળહળાય.

બંને રૂપે પરમાત્મા એક, દયા-ભક્તિનો સાકાર, જલારામ સાંઈ નામ લઈએ, થાય ચિત્ત નિરંકાર.

જલારામ સાંઈના આશીર્વાદથી સેવા, દયા અને પ્રેમની અખંડ જ્યોત અમારાં હૃદયમાં પ્રગટ રહે